Volume 2, Issue 9
December
2025

HARIRAJ CHARITABLE TRUST

# NEWS AND UPDATES

૨૬ – ઓમનગર (૩), જી.આઈ.ડી.સી. પાછળ, હનુમાનપરા રોડ, અમરેલી - ૩૬૫૬૦૧, ગુજરાત

## રીલ માર્ક્સ -વડોદરા

આ મહિને બુજેઠા ગામમાં HRDD કેન્દ્રિત તાલીમ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં અગ્રણી ખેડૂતોની સક્રિય ભાગીદારી જોવા મળી, જેમાં માનવ અધિકારો, કામકાજની સલામતી અને જવાબદાર પ્રથાઓ અંગે વિસ્તૃત ચર્ચાઓ કરવામાં આવી. સાથે સાથે જીનની મુલાકાત સાથે જોડાયેલી HRDD–HSSE બાબતો પર કાર્યકરો માટે વિશેષ તાલીમ પણ આપવામાં આવી જે સુરક્ષિત, જવાબદાર અને ટકાઉ કાર્યપદ્ધતિઓ પ્રત્યે સંસ્થાની દૃઢ પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવે છે.



વધુમાં, કાર્યક્ષેત્રના તમામ ગામોને આવરી એક વાન કેમ્પેઈન યોજવામાં આવ્યું જેમાં સલામત વીણી, યોગ્ય કાર્ય અને ઓછામાં ઓછા PPEના ઉપયોગને પ્રોત્સાહન આપવા આવ્યું હતું. કાર્યક્ષેત્રની ટીમ દ્વારા નિદર્શન પ્લોટ અને કાર્યવિસ્તારના ખેતરોની મુલાકાત લેવામાં આવી.



HARIRAJ
CHARITABLE TRUST

NEWS AND UPDATES

Volume 2, Issue 9

December 2025

કોટનકનેક્ટ અને વસુંધરા ફાઉન્ડેશન દ્વારા KVK ડેડીયાપાડાની એક્સપોઝર વિઝિટનું આયોજન કરવામાં આવ્યું, જેમાં ૩૨ ખેડૂતોને માટી પરીક્ષણ, ટકાઉ ખેતી પદ્ધતિઓ અને વિવિધ ડેમો યુનિટ્સ અંગે વ્યવહારુ માહિતી મળી. આ પ્રવાસ દ્વારા ખેડૂતોને મિલેટ્સ, અઝોલા ઉત્પાદન, જૈવિક ઇનપુટ્સ અને નવીન કૃષિ પદ્ધતિઓ અંગે જ્ઞાન અને પ્રેરણા પ્રાપ્ત થઈ.




## રીલ રીજન કોટડા - ગોંડલ તાલુકો

ગોંડલ ક્લસ્ટર ખાતે રીલ ફાર્મર પૂલ કાર્યક્રમ હેઠળ વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી જેમ કે પરીક્ષણ માટે ૫૦ માટીના અને ૮૦ પાણીના નમૂના એકત્રિત કરવામાં આવ્યા, ૨૯ ગામમાં બાળકો સાથે વિવિધ પ્રવૃત્તિઓ, ૯ ગામોમાંથી બાયો માસ ડેટા લેવામાં આવ્યા અને માસ ઝુંબેશ યોજવામાં આવી.



HARIRAJ CHARITABLE TRUST

NEWS AND UPDATES

Volume 2, Issue 9

December 2025

## સેન્ટર ફોર લર્નિંગ આસિસ્ટન્સ

દૈનિક શીખવા શીખવવાની સાથે સાથે લર્નિંગ એસોસિએટ્સ દ્વારા સક્રિયપણે વિવિધ સહ-અભ્યાસક્રમની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી. જેમાં TLM-આધારિત શિક્ષણ સત્રો અને બાલ સભાના આયોજનનો સમાવેશ થાય છે. ભાંકોદર લર્નિંગ સેન્ટર ખાતે બાળકોએ પોતાની ટોપીઓ અને ક્રિસમસ ટ્રી બનાવીને નાતાલની ખુશીથી ઉજવણી કરી. વનિતાબેનના માર્ગદર્શન હેઠળ આ ઉજવણી સર્જનાત્મકતા, શિક્ષણ અને ખુશીઓથી ભરેલી રહી જેના કારણે આ બાળકો માટે એક યાદગાર અનુભવ બન્યો.




## જેન્ડર શિક્ષણ

મહિના દરમિયાન માર્ગદર્શક દિલીપભાઈ અને હાર્દિકભાઈએ રબારીકા ગામના સરપંચ સાથે મુલાકાત કરી અને સંસ્થા, તેના પ્રોજેક્ટ્સ અને જેન્ડર શિક્ષણ કાર્યક્રમ વિશે માહિતી શેર કરી. રબારીકામાં ૧૧ મોડ્યુલ, સાળવામાં ૧૧ મોડ્યુલ અને ધુંધવાણામાં ૧૦ મોડ્યુલ પૂર્ણ થયા, જે બધા ગામોમાં સંસ્થાના સતત જોડાણને દર્શાવે છે.



## લેખન સત્ર

**૯ અને ૨૩ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ સંસ્થાની પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોના વિવિધ દૈનિક કાર્ય અહેવાલો પર લેખન સત્રોનું આયોજન કરવામાં આવ્યું હતું.**




## વાંચન સત્ર

**આ મહિને ૪ વાંચન સત્રો (૫મી, ૧૨મી, ૧૯મી અને ૨૭મી ડિસેમ્બર, ૨૦૨૫) નું આયોજન કરવામાં આવ્યું હતું. વાંચન સત્રનો વિષય હતો "તમે મને સમજતા કેમ નથી?"**




Watch useful YouTube videos on project activities run by the organization and subscribe to our channel : Click here